# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે વરસાદી આફતનું વ્યવસ્થાપન

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર એ તારીખ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ ભારે વરસાદને કારણે પાણી ભરાવા, બીજ સંગ્રહ સ્ટોર, ઝાડ-પડવા અને વિદ્યુત સુરક્ષાને લગતી આકસ્મિત પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો.

માનનીય ડૉ. કે. બી. કથીરીયા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કુલપતિશ્રી એ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ના કર્મચારીઓને સંશોધન અખતરાઓ અને બીજ સંગ્રહ સ્ટોરનું નિરીક્ષણ કરવા નિર્દેશ આપ્યો. તેમની મુખ્ય ચિંતા એ હતી કે પાણી ભરાવાના કારણે સ્ટોરમાં બીજની ગુણવત્તા અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રમાં ચાલી રહેલી સંશોધન પ્રવૃત્તિઓને નુકસાન થાય નહી. કેન્દ્રના મૂલ્યવાન બીજ સંગ્રહ અને ખેતરમાં ઉભા શાકભાજીના વિવિધ અખતરાઓને સુરક્ષિત રાખવામાં તેમના ત્વરીત સૂચનો મહત્વપૂર્ણ રહ્યા. આઉપરાંત, તોફાન દરમ્યાન સંભવિત વિદ્યુત જોખમ ટાળવા અને સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડૉ. કે. બી. કથીરીયાએ ઉપકરણો બંધ કર્યા પછી પણ પ્લગ કાઢવા માટે સૂચના આપેલ.

માનનીય ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રીએ ભારે વરસાદમા પાણીના નિકાસ કરવા માટે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરી. શાકભાજીના સંશોધન પર નકારાત્મક અસરને અટકાવવા માટે વાજબી કાળજી લેવાય તેમાટે નેટ હાઉસમાં ધરુંઉછેર અને બીજ ઉત્પાદન પ્લોટમાં પાણીની નિકાસની જરૂરીયાત પર ભાર મૂક્યો.

ખાસ કરીને માનનીય ડૉ. કે. બી. કથીરીયા, કુલપતિશ્રી, ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી, ડૉ. એસ. એન. શાહ, સહ સંશોધન નિયામકશ્રી, અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના કર્મચારીઓના સંયુક્ત પ્રયાસોથી સંશોધન કેન્દ્રમા સંભવિત નુકશાન મહદઅંશે ટાળી શકાયું. મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના સંશોધક વૈજ્ઞાનિક ડૉ. આર. આર. આચાર્યએ આ મુશ્કેલ સમયમાં ડૉ. કે. બી. કથીરીયા સાહેબ અને ડૉ. ઝાલા સાહેબની મુલાકાત અને માર્ગદર્શન માટે આભાર વ્યક્ત કર્યો.















